# સે-૭/એમાં ભારતમાતા મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેક્ટર-૭-એ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નવનિર્મિત ભારતમાતા મંદિરે ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પૂર્ણાહુતિના દિવસે સાંજે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય સંયુક્ત મહામંત્રી સુરેન્દ્રસિંહ જૈન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત પ્રાંત સંઘચાલક ડો. ભરતભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે સવારે યોજાયેલા સંત સંમેલનમાં મોટી સંખ્યામાં જાણીતા સંતો-મહંતો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાસંગિક પ્રવચનમાં સુરેન્દ્ર સિંહ



જૈને ક્હયું કે 'ગાંધીનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભારતમાતા મંદિરનું નિર્માણ થાય ગૌરવ સમાન છે, આ એક પરિવર્તન છે. આ મંદિર હિન્દુ સમાજના કેન્દ્ર સમાન બની રહેશે'. લવ જેહાદ મુદ્દે બોલતાં તેમણે જણાવ્યું કે 'લવ જેહાદ વિરુદ્ધ સરકારે બનાવેલા કાયદાને હાઈકોર્ટ દ્વારા રોક લગાવવામાં આવેલ છે તેને અમે ગંભીરતાથી લઈશું. ગુજરાતની ક્રાંતિ દેશમાં ફરી વળશે, હવે રાજ્યમાં કોઈ પોતાનું નામ બદલીને હિંદુ ધર્મને બદનામ નહીં કરી શકે કે દીકરીઓના શિલ ભંગ નહીં થાય. કોઈ લવ જેહાદ નહિ ચાલે. અમે રાજ્ય સરકારના સહયોગમાં રહેશું પરંતુ અમારું આયોજન ચૂંટણીને ધ્યાનમાં રાખીને હોતું નથી. અમે તાલિબાન સમર્થકોને સમર્થન આપતા નથી, દેશમાં હાલ તો નરેન્દ્ર મોદી જ દેખાય છે ને તેઓ જ આગળ રહેશે'.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના પૂર્વ મેયર પ્રવીણ પટેલ, પૂર્વ ડે.મેયર નાજાભાઈ ઘાંઘર, પૂર્વ ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ, પ્રમુખ ગૃપવાળા કનુભાઈ ચૌધરી, ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ અમદાવાદના જે એસ પટેલ, મહાલક્ષ્મી ગૃપવાળા અબજીભાઈ ધોળું, હીરાભાઈ ધોળું વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્ર અધ્યક્ષ દિલીપ ત્રિવેદી, ક્ષેત્ર મહામંત્રી અશોક રાવલ, ઉત્તર ગુજરાત પ્રાંત અધ્યક્ષ રાજુભાઈ ઠાકર, જિલ્લા સંયોજક નવીન પટેલ, બજરંગ દળ પ્રદેશ પ્રમુખ ગણપતસિંહ વાઘેલા, શહેર પ્રમુખ શક્તિસિંહ ઝાલા, પ્રખન્ડ ઉપાધ્યક્ષ જીતુભાઈ આહિર, પ્રખંડ મંત્રી નરેન્દ્રસિંહ રાજપૂત, હર્ષદ ગીલેટવાળા, લક્ષ્મી ગ્રુપના દિલીપ પટેલ, નટુભાઈ પ્રજાપતિ, હર્ષદ શાહ, આર કે પટેલ, માનસિંહ ચૌધરી, હિમાંશુ રાવલ



વગેરે હાજર રહ્યાં હતા. કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિંમતનગરના ધર્મ પરિવર્તન વિસ્તારિત ભાગો માટે જનસેવા માટે એમ્બ્યુલન્સ સેવા અર્પણ કરવામાં આવી હતી.



પાંચ દિવસ ચાલતા સાતમ આઠમના તહેવારોનો પ્રારંભ નાગપાંચમથી થાય છે. નાગપાંચમે ખાજાની ખરીદી કરવામાં આવે છે. ફરસાણની દુકાનોમાં નાગપાંચમે ગળ્યા, મોળા અને તીખા ખાજાનું ધૂમ વેચાણ થયું હતું. સારી એવી ઘરાકી જોવા મળી હતી.

## શ્રી ભારતમાતા મંદિર સમગ્ર ગુજરાતીઓ માટે ગૌરવ રુપ છે : નિતીનભાઈ પટેલ

### આ મંદિર સંસ્કાર, ભક્તિ, સેવા અને ઉર્જાનું કેન્દ્ર બની રહેશે : પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગરના સેકટર- ૭ ખાતે સમગ્ર ગુજરાતમાં પ્રથમ શ્રી ભારતમાતા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત શ્રી ભારતમાતા મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના તૃતીય દિવસે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ






ધર્મસભામાં રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ભારતમાતા મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત યોજાયેલ ધર્મસભામાં રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી ભારતમાતા મંદિર સમગ્ર ગુજરાતીઓ માટે ગૌરવ રુપ છે. હિન્દુ સમાજમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓ છે. જ્ઞાતિ- જાતિ મુજબ દરેક વ્યક્તિ પોતાના કુળદેવીની શ્રધ્ધાથી પૂજા- અર્ચના કરે છે. શ્રી ભારતમાતા એટલે દેશની એકતા, અખંડિતા અને સુરક્ષા રૂપે ગણવામાં આવે છે. શ્રી ભારતમાતા દેશના નાગરિકો માટે આરાધયની દેવી છે. ભારતમાતા સુરક્ષિત, સાધન સંપન્ન હશે, તો જ દેશ વિશ્વમાં ગૌરવ પ્રાપ્ત કરી શકશે. દેશને સુરક્ષિત અને સમૃધ્ધ બનાવવા માટે ભારતમાતા એટલે કે દેશમાં એકતા- અખંડિતા અને સુરક્ષાને અંકબધ રાખવી પડશે. સમગ્ર વિશ્વમાં ભારતમાતા એટલે કે દેશને ગૌરવ અપાવવા માટે દેશના વડાપ્રધાન સુરક્ષા- એકતા અને અંખડિતાને પ્રાધાન્ય આપી રહ્યા છે. પાડોશી દેશમાં ચાલી રહ્યું છે, તે આપણા દેશમાં ન થાય તે માટે પણ એક્તા અને દેશભક્તિ આપણામાં હોવી ખૂબ જ જરૂરી છે.

ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતે ગુજરાતનું પ્રથમ નિર્માણ થયેલ શ્રી ભારતમાતાનું મંદિર સંસ્કાર, ભક્તિ, સેવા અને ઉર્જાનું કેન્દ્ર બની રહેશે. દેશ એટલે કે ભારતમાતાને શિખરે પહોંચાડવા માટે દેશના કરોડો નાગરિકો કામ કરી રહ્યા છે. કોઈપણ દેશે તેનો ઈતિહાસ ન ભૂલવો જોઈએ. આપણને ભારતમાતાના સંતાન હોવાનો ગૌરવ અવશ્ય હોવો જોઈએ. આ મંદિર રાષ્ટ્રભક્તિના ચેતનાનું ગાન કરતું મંદિર બની રહેશે.


વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય સંયુકત મહામંત્રી શ્રી સુરેન્દ્રજી જૈને જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમ નિર્માણ થયેલ ભારતમાતા મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠતા મહોત્સવ કોઈ યોગ નહિ, પણ પરિવર્તનના સંકેત છે. પરિવર્તનની યાત્રા આ મંદિર બનતા વધુ તેજ બનશે. અહિ થનાર કાર્ય સર્વે ભારતવાસીઓને પ્રભાવિત કરશે. આ મંદિર થકી દેશ ભક્તિ, સમાજ ઉપયોગી અને અન્ય સમાજ માટે પ્રરેણા રૂપ બની રહે તેવા કાર્યો કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રી ભારતમાતા મંદિર નિર્માણ તથા મૂર્તિ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી અબજીભાઈ ધોળુ અને હિરાભાઈ ધોળુનું નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સાબરકાંઠા જિલ્લાના આદિવાસીઓની સેવા માટે એમ્બ્યુલન્સ પણ અર્પણ કરવામાં આવી હતી.



જુના સચિવાલયની પાછળ આવેલા મીનાબજારમાં વેપારીઓ માટે કોરોના રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વેપારીઓએ તેનો લાભ લીધો હતો.

## મનોજ દક્ષિણીનો પ્રાઈમ મીનીસ્ટર એવૉર્ડ ફોર એક્સલન્સ



સુશાસન અને સ્વચ્છ ભારત મિશન હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરનાર મહેસાણા જિલ્લાના તત્કાલિન ડીડીઓ એમ.વાય દક્ષિણીને પ્રાઈમ મીનીસ્ટર એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ૨૦૨૦ થી સન્માનિત કરવામાં આવ્યા છે. હાલમાં તેઓ આણંદના ઈન્ચાર્જ કલેક્ટર અને ડીડીઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

## ગુજરાતની ભાવિના પટેલે પેરાલમ્પિક ઓલમ્પિકમાં ઈતિહાસ રચ્યો

### ભાવિનાએ ટેબલ ટેનિસ એકલ ક્લાસ ૪ની સેમીફાઇનલમાં પહોંચવાની સાથે જ દેશ માટે મેડલ સુનિશ્ચિત કરી દીધો છે

ટોક્યો, તા.૨૭

ટોક્યોમાં ચાલી રહેલા પેરાલમ્પિક ઓલમ્પિકમાં ભારતની ભાવિના પટેલે કમાલ કરી દીધો છે. ભાવિનાએ મહિલા ટેબલ ટેનિસ એકલ ક્લાસ ૪ ની સેમીફાઈનલમાં



પહોંચવાની સાથે જ દેશ માટે મેડલ સુનિશ્ચિત કરી દીધો છે. ૩૪ વર્ષીય ભાવિનાએ ૨૦૧૬ રિયો પેરાલમ્પિકની ગોલ્ડ મેડલ વિજેતા સર્બિયાની બોરિસલાવા પેરિચ રાંકોવિચને સીધી ગેમમાં ૩-૦ થી હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભાવિનાએ ૧૯ મિનિટ સુધી ચાલનાર રાંકોવિચને ૧૧-૫,૧૧-૬, ૧૧-૭થી હરાવી.

ભાવિના પહેલી ભારતી મહિલા ટેબલ ટેનિસ ખેલાડી છે જેમણે પેરાલમ્પિક રમતોની સેમીફાઈનલમાં સ્થાન બનાવ્યું છે. સેમીફાઈનલમાં ભાવિનાનો સામનો શનિવારે ચીનની ઝાંગ મિઆ સાથે થશે. ભાવિનાને ગ્રુપ એના મુકાબલે ચીનની જોઉ યિંગની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર બાદ તેમણે સારી રીતે વાપસી કરી લીધી અને બે નોકઆઉટ મુકાબલા જીતીને પદક પાકો કરી લીધો છે. ભાવિના આ પહેલાં રાઉન્ડ-૧૬ માં ૨૩ મિનિટ સુધી ચાલનાર મુકાબલામાં બ્રાજીલની જિઓસી ડી ઓલિવિએરિયાને ૧૨-૧૦, ૧૩-૧૧, ૧૧-૬ ને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે.

## ગિફ્ટ સિટી અને એએનએસઆરે ગ્લોબલ ઈન-હાઉસ સેન્ટર્સ માટે હાથ મિલાવ્યાં

દેશના એકમાત્ર ઓપરેશનલ આઈએફએસસીમાં ફાઈનાન્સિયલ સર્વિસિસ સંબંધિત હાઈ-એન્ડ પ્રોસેસિંગ સેન્ટર્સની સ્થાપના કરવા કંપનીઓને આકર્ષવા ગિફ્ટ સિટીએ એએનએસઆર સાથે સહયોગ કર્યો હોવાની જાહેરાત કરી છે.

આ બંન્ને સંસ્થાઓ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી) ખાતે ગ્લોબલ ઈન-હાઉસ સેન્ટર્સ (જીઆઈસી) અને ગ્લોબલ કેબેબિલિટી સેન્ટર્સ (જીસીસી)ની સ્થાપના માટે કંપનીઓને આકર્ષવા સાથે મળીને કામ કરશે.

ગિફ્ટ આઈએફએસસી (ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર)માં જીઆઈસી તેના ફાઈનાન્સિયલ સર્વિસિસ ગ્રૂપમાં કંપનીઓને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સેવાઓ પ્રદાન કરવામાં સહયોગ કરી શકે છે.

ગિફ્ટ એસઈઝેડ ખાતે સ્પર્ધાત્મક વેરા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, તુલનાત્મક દ્રષ્ટિએ નીચો સંચાલકીય ખર્ચ અને અદ્યતન માળખાકીય સુવિધા જેવાં લાભો મળે છે.

ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતુ કે, તાજેતરમાં નિયામકીય બદલાવ અને વેરા પ્રોત્સાહનોને કારણે ગિફ્ટ સિટીમાં જીઆઈસી અને જીસીસીની સ્થાપના માટેનું આકર્ષણ વધ્યું છે. તે અદ્યતન માળખાકીય સુવિધાઓ વચ્ચે પ્રતિભાના વિશાળ સમૂહનો ઉપયોગ માટેની પણ તક પ્રદાન કરે છે.

એએનએસઆરના સંસ્થાપક અને સીઈઓ લલિત આહુજાએ કહ્યું હતું કે ગિફ્ટ સિટીના હીતધારકો સાથે ભાગીદારી અગ્રણી વૈશ્વિક કંપનીઓને તેમની મહત્વપૂર્ણ વ્યવસાયિક ક્ષમતાઓ સ્થાપિત કરવા માટે મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ગિફ્ટ સિટીના વિકાસ માટેનો માર્ગ મોકળો બનાવશે.

બિઝનેસના ડિઝાઈન, સ્થાપના અને જીઆઈસીના સંચાલનમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર એએનએસઆરે ૭૫ થી વધુ જીઆઈસીની સ્થાપના કરી છે. તેના ક્લાયન્ટ્સમાં વેલ્સ ફર્ગો બેંક, સિલિકોન વેલી બેંક, સીએમઈ, ડેલ્ટા એરલાઈન્સ અને પેપ્સીકો સામેલ છે.

## ઈન્દિરા બ્રિજ પાસે નવી અત્યાધુનિક રાજસ્થાન હોસ્પિટલ બનશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર અમદાવાદને જોડતા ઈન્દિરા બ્રિજ પાસે આજે ધી ગુજરાત રિસર્ચ એન્ડ મેડીકલ ઈન્સ્ટીટ્યુટ - રાજસ્થાન હોસ્પિટલ દ્વારા નવી અત્યાધુનિક હોસ્પિટલના નિર્માણ માટે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગુજરાતના ગૃહરાજ્યમંત્રી



પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા પાંત્રીસ વર્ષથી રાજસ્થાન હોસ્પિટલ સમાજના નબળા વર્ગને રાહત દરે સેવા આપતી રહી છે અને કોરોના કાળ દરમ્યાન પણ આ સંસ્થાના ટ્રસ્ટીઓ પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર દર્દીઓને તમામ સુવિધા પ્રાપ્ત થાય તે માટે કાર્યરત રહ્યાં હતાં.

નવી અત્યાધુનિક રાજસ્થાન હોસ્પિટલના ભૂમિપૂજન પ્રસંગે ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા ઉપરાંત અસારવાના ધારાસભ્ય પ્રદિપભાઈ પરમાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના ચેરમેન પ્રતિભાબેન જૈન, વોટર સપ્લાય સમિતિના ચેરમેન ભરતભાઈ પટેલ, હાઉસિંગ સમિતિના સભ્ય જસ્મિનબેન ભવસાર, સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય જશુભાઈ ઠાકોર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ધી ગુજરાત રિસર્ચ એન્ડ મેડિકલ ઈન્સ્ટિટ્યુટના એક્ઝિક્યુટિવ ચેરમેન પી. આર. કાંકરિયાએ જણાવ્યું હતુ કે 'નવી અત્યાધુનિક હોસ્પિટલમાં રોબોટિક સર્જરીથી માંડીને તમામ શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ બનશે." સમગ્ર કાર્યક્રમના આયોજન માટે સંસ્થાના સેક્રેટરી મહેન્દ્રભાઈ એમ શાહ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## વિજયા ડાઈગ્નોસ્ટિક સેન્ટર લિમિટેડનો આઈપીઓ પહેલીએ ખુલશે

નાણાકીય વર્ષ-૨૦૨૦માં કાર્યકારી આવકની દ્રષ્ટિએ અને આવક દ્વારા સૌથી વધુ ઝડપથી વિકસતી ડાઈગ્નોસ્ટિક ચેઈન પૈકીની એક (સ્તોત્રઃ ક્રિસિલ રિપોર્ટ), દક્ષિણ ભારતમાં સૌથી મોટી સંકલિત ડાઈગ્નોસ્ટિક ચેઈન વિજયા ડાઈગ્નોસ્ટિક સેન્ટર લિમિટેડનો આઈપીઓ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ને બુધવારે ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૨૨ થી રૂ. ૫૩૧ નક્કી થઈ છે. બિડ્સ લઘુતમ ૨૮ ઈક્વિટી શેર અને પછી ૨૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ને શુક્રવારે બંધ થશે.




સૂકા અને ભીના કચરા બાબતે વસાહતીઓ અને કોર્પોરેશન વચ્ચે ગજગ્રાહ વધી રહ્યો છે. કચરો ઉપાડનારાઓને વસાહતીઓ સાથે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. જેના પરિણામે કચરો ઉપાડવામાં આવતો નથી. વસાહતીઓ નાછૂટકે રસ્તા પર કચરો ફેંકી રહ્યા છે. સેકટર-૬ના માઈક્રોશોપીંગ સેન્ટર ખાતે મુકાયેલ કચરાપેટીની બહાર કચરો ઠલવાયેલો જોવા મળી રહ્યો છે.

### સર્વે હાથ ધરાશે...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પંચાયતોની આકારણી પ્રમાણે અંદાજે નવ કરોડ રૂ. જેટલુ છે અને તે પૈકી રૂ. બે કરોડ ૧૦ લાખ જેટલો ટેક્ષ મિલ્કતધારકો દ્વારા ભરી દેવામાં આવ્યો છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે સર્વે જીઆઈએસ સિસ્ટમ આધારિત કરવામાં આવનાર છે. આજે આ અંગે તંત્રના અધિકારીઓની એક ખાસ બેઠક પણ કમિશનરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં પ્રથમ કોટેશ્વર ગામથી આ સર્વે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### અનાવૃષ્ટિ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હવામાન વિભાગના મતે રાજ્યમાં હાલ સારો વરસાદ આવે તેવી કોઈ સિસ્ટમ સક્રિય નથી. જો ગુજરાતમાં દુષ્કાળ જાહેર થાય તો અર્થતંત્ર પર મોટી અસર પડી શકે છે. ગઈકાલે એક નિવેદનમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, ઘણા વર્ષો પછી ગુજરાતમાં ઘણો ઓછો વરસાદ થયો છે. સ્ટોરેજ બેંક પણ વધારવામાં આવી છે. નર્મદા ડેમમાં પણ પાણી ઓછું છે. જિલ્લાઓમાં ઓછો વરસાદ થયો છે. સરદાર સરોવરમાંથી પાણી આપી રહ્યાં છે. પરંતુ હાલ મર્યાદિત પાણી હોવાથી ઓછું પાણી મળી રહ્યું છે. ૪ કરોડ નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે, જેની ખાતરી આપું છું.

### ઝડપાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આતંકવાદીઓની ઓળખ અશફાક કયૂમ અને તૌસીફ ગિરી તરીકે થઈ છે. આતંકવાદીઓ પાસેથી ૧ પિસ્તલ, પિસ્તલની ૧ મેગઝીન, પિસ્તલના ૨૦ રાઉન્ડ, અધિકારીઓએ જણાવ્યુ કે ચતરૂ પોલીસ સ્ટેશનમાં માહિતી મળી હતી કે બે યુવક કાશ્મીરના અનંતનાગમાં હિજબુલ મુઝાહિદીનના આતંકીઓના સંપર્કમાં હતા. બંને યુવક સેનાથી સંબંધિત જાણકારી આતંકવાદીઓને આપી રહ્યા હતા અને ચતરૂ પોલીસ થાણા અંતર્ગત વિસ્તારમાં આતંકી ઘટનામાં અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા. માહિતી મળ્યા બાદ ચતરૂ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો અને જે બાદ તપાસ અભિયાન ચલાવીને બંને આતંકીઓની ધરપકડ કરાઈ.

અગાઉ જમ્મુ-કાશ્મીરમાં હત્યા અને દુષ્કર્મ સહિત કેટલાક કેસમા એક આરોપીની પોલીસે મંગળવારે ધરપકડ કરી જેની શોધખોળ પોલીસને છ વર્ષથી હતી. મોહમ્મદ મુશ્તાક ઉર્ફ ગોંગી મરાલિયન મીરાન સાહિબના નિવાસી છે અને ખોર પોલીસ સ્ટેશનની એક ટીમે જમ્મુના બાહરી વિસ્તારથી તેની ધરપકડ કરી.

### વિદાય નિશ્ચિત...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સીએમ બનાવાયા હતા પણ હવે એવુ કહેવાઈ રહ્યુ છે કે, ભૂપેશ બઘેલ અને ટી એસ સિંહ દેવ વચ્ચે સીએમ પદ અઢી-અઢી વર્ષ વહેંચવાનુ નક્કી થયુ હતુ. જોકે ભૂપેશ બઘેલ હજી હાર માનવા માટે તૈયાર નથી.તેમના કેમ્પના ૧૫ ધારાસભ્યોએ ગઈકાલે રાજયના પ્રભારી પી એલ પુનિયા સાથે મુલાકાત કરી હતી. બઘેલને બીજા કેટલાક મંત્રીઓનુ પણ સમર્થન છે. છત્તીસગઢમાં કોંગ્રેસના ૭૦ ધારાસભ્યો હોવા છતા આંતરિક વિખવાદના કારણે કોંગ્રેસની સરકાર સંકટમાં આવી ગઈ છે.

### પકડીને મારીશું...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને ખુદ કાબુલ એરપોર્ટ પર ઓછામાં ઓછા ત્રણ વખત હુમલાની ચેતવણી આપી હતી. ૨૦ ઓગસ્ટના રોજ તેમણે કહ્યું હતું કે અમે એરપોર્ટ પર અથવા તેની નજીકના કોઈપણ સંભવિત આતંકવાદી ખતરા પર પણ કડક નજર રાખી રહ્યા છીએ. આમાં અફઘાનિસ્તાનમાં આઈએસઆઈએસના સાથીઓનો સમાવેશ થાય છે જે જેલ તોડીને બહાર આવ્યા છે. તમને જણાવી દઈએ કે ગુરુવારે સાંજે કાબુલમાં થયેલા બે બ્લાસ્ટમાં ૧૨ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે. મોડી રાત્રે યુએસ અધિકારીઓએ આની પુષ્ટિ કરી છે. મૃતકોમાં ૧૧ મરીન અને નૌકાદળનો એક સૈનિક છે. શરૂઆતમાં એવું કહેવામાં આવતું હતું કે આમાં ઓછામાં ઓછા ૧૩ લોકો મૃત્યુ પામ્યા હતા, બાદમાં આ સંખ્યા વધીને ૬૦ થઈ ગઈ. આ બે હુમલા એરપોર્ટની બહાર થયા હતા. પહેલો હુમલો બેરોન હોટલ પાસે એબી ગેટ પર જ્યારે બીજો મુખ્ય ગેટ પર થયો. આતંકી સંગઠન આઈએસઆઈએસએ આ હુમલાની જવાબદારી લીધી છે.

### ગેંગવોર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગેટ, ઈસ્ટ ગેટ કે નોર્થ ગેટ પર હાજર છે તેઓ તાત્કાલિક ત્યાંથી હટી જાય અને આગામી સૂચનાની રાહ જુએ. તો બ્રિટને પણ આશંકા વ્યક્ત કરી હતી કે "જૈંજી કાબુલ એરપોર્ટમાં હુમલો કરી શકે છે.આતંકી સંગઠન "જૈંજીના ખુરાસાન ગ્રુપે હુમલાની જવાબદારી લીધી છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જનરલ કેનેથ મેકેન્ઝીએ કહ્યું હતું કે મરનારાઓમાં ૧૨ મરીન કમાન્ડો સામેલ છે, જ્યારે ૧૫ ઘાયલ છે. કાબુલ એરપોર્ટથી તમામ ફલાઈટ ઓપરેશન્સ બંધ કરી દેવાયાં છે.

દારુલઅમન વિસ્તારમાં જબરદસ્ત ગોળીબારના પણ અહેવાલો છે. તો ફોક્સ ન્યૂઝે કહ્યું હતું કે મૃત્યુને ભેટેલા લોકોમાં ૧૨ અમેરિકી મરીન કમાન્ડો સામેલ છે. કાબુલ એરપોર્ટથી તમામ ફલાઈટનું ઓપરેશન બંધ કરી દેવાયું છે. પેન્ટાગોને આતંકી સંગઠન "જૈંજી ખુરાસન પર હુમલાનો આરોપ લગાવ્યો છે. આ વચ્ચે રશિયન મીડિયાના એક રિપોર્ટરે સમાચાર આપ્યા કે એરપોર્ટના ડાયરેક્શનમાં વધુ એક વિસ્ફોટના સમાચાર મળ્યા છે. જોકે આ એરપોર્ટની પાસે જ થયો કે નહીં એ જાણી શકાયું નથી, કેમ કે રિપોર્ટરે પોતે જણાવ્યું હતું કે એ એરપોર્ટથી ૭ કિલોમીટર દૂર છે.